1. ‘સામાજિક વર્ગ’ એટલે શું?

- દરેક સામાજિક વર્ગ દરજ્જાઓનું બનેલું જૂથ છે, જે સમાન પ્રતિષ્ઠા ધરાવે છે. એક વર્ગ બીજા વર્ગ કરતાં દરજ્જાની બાબતમાં ઊંચો કે નીચો ગણાય છે. મકાઈવર અને પેજના મતે, ‘‘સામાજિક વર્ગ સમાજનો એવો એક ભાગ છે જે સમાજના બીજા ભાગોથી દરજ્જાના સંદર્ભમાં જુદો પડે છે.’’ સોરોકિનના મત મુજબ, ‘‘સામાજિક વર્ગ સમાજમાં લોકોનો એવો સમૂહ છે જેના સભ્યો વ્યવસાયિક, આર્થિક અને રાજકીય દરજ્જાની બાબતમાં સમાન સ્થાન ધરાવે છે.’’